



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩







સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ વૈશાખ વદ પાંચમ ગુરુવાર ૭ મે, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૬૫

પાનાં ૧૨+૪ કિંમત ₹ ૫.૦૦


# ઈરાન-અમેરિકા યુદ્ધનો 48 કલાકમાં અંત આવવાના અણસાર

**પાકિસ્તાનની** વિનંતી પર હોર્મુઝમાંથી જહાજોને બહાર કાઢવાનો 'પ્રોજેક્ટ ફ્રીડમ' હાલ પૂરતો મોકૂફઃ ટ્રમ્પ

**ટ્રમ્પને** ઈરાન સાથે અંતિમ કરારની આશા

**ઈરાન** પર લાદવામાં આવેલી સખત આર્થિક અને સૈન્ય નાકાબંધી ચાલુ રહેશે

વોશિંગ્ટન, તા. 6 (પીટીઆઈ): અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથે યુદ્ધ વિરામની મંત્રણામાં થયેલી પ્રગતિને ધ્યાનમાં રાખીને 'પ્રોજેક્ટ ફ્રીડમ' સ્થગિત કરવાની જાહેરાત કરી છે. આ પ્રોજેક્ટ હોર્મુઝની સામુદ્રધુનીમાં ફસાયેલા જહાજોને સુરક્ષિત બહાર કાઢવા માટે શરૂ કરવામાં આવ્યો હતો. અહેવાલો મુજબ, ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસન અને ઈરાન વચ્ચે યુદ્ધ સમાપ્ત કરવા માટે 14 મુદ્દાનો સમજૂતી પત્ર (MoU) તૈયાર કરવામાં આવ્યો છે. જો બધું યોજના મુજબ ચાલશે, તો આગામી 48 કલાકમાં યુદ્ધ વિરામની સત્તાવાર જાહેરાત થઈ શકે છે.

ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર પોસ્ટ કરતા જણાવ્યું હતું કે પાકિસ્તાન અને અન્ય દેશોની વિનંતી તેમજ ઈરાન સામેના સૈન્ય અભિયાનમાં મળેલી સફળતા બાદ આ નિર્ણય લેવાયો છે.

ટ્રમ્પે સ્પષ્ટ કર્યું છે કે જોકે આર્થિક નાકાબંધી પૂર્ણ રીતે ચાલુ રહેશે, પરંતુ 'પ્રોજેક્ટ ફ્રીડમ'ને થોડા સમય માટે રોકવામાં આવ્યો છે જેથી જોઈ શકાય કે ઈરાન સાથેનો અંતિમ કરાર સફળ થાય છે કે નહીં. આ અગાઉ, અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબિયોએ પણ જાહેરાત કરી હતી કે 28 ફેબ્રુઆરીએ શરૂ થયેલું 'ઓપરેશન એપિક ફ્યુરી' તેના લક્ષ્યો હાંસલ કર્યા બાદ હવે પૂર્ણ થયું છે.

'પ્રોજેક્ટ ફ્રીડમ'નો મુખ્ય ઉદ્દેશ્ય પર્શિયન ગલ્ફમાં ફસાયેલા 87 વિવિધ દેશોના આશરે 23,000 નાગરિકોને સુરક્ષિત રીતે બચાવવાનો હતો. રુબિયોના જણાવ્યા મુજબ, આ એક સંરક્ષણાત્મક ઓપરેશન હતું જેનો હેતુ માત્ર હુમલાની સ્થિતિમાં વળતો જવાબ આપવાનો હતો.

હોર્મુઝ સામુદ્રધુની એ વૈશ્વિક તેલ પુરવઠાના પાંચમા ભાગના પરિવહન માટેનો મુખ્ય માર્ગ છે. તાજેતરમાં આ વિસ્તારમાં તણાવ વધ્યો હતો, જેમાં યુએઈએ તેના જહાજો પર હુમલાના આક્ષેપો કર્યા હતા અને અમેરિકાએ ઈરાનની કેટલીક નાની બોટોનો નાશ કર્યો હોવાનો દાવો કર્યો હતો. હવે તમામની નજર આગામી શાંતિ કરાર પર ટકેલી છે.

**સમજૂતીની મુખ્ય શરતો**

આ પ્રસ્તાવિત કરારમાં બંને પક્ષો માટે મહત્વની શરતો મૂકવામાં આવી છેઃ

**પરમાણુ કાર્યક્રમ પર રોકઃ** ઈરાને આગામી 12 થી 15 વર્ષ સુધી યુરેનિયમ સંવર્ધન (Enrichment) અટકાવવું પડશે. સાથે જ ઈરાને તેના ઉચ્ચ સંવર્ધિત યુરેનિયમનો સ્ટોક દેશની બહાર ખસેડવો પડશે.

**હોર્મુઝની સામુદ્રધુનીઃ** કરાર મુજબ, ઈરાન હોર્મુઝના જળમાર્ગને તમામ વ્યાપારી જહાજો માટે ખુલ્લો મૂકશે.

**પ્રતિબંધોમાં ઢીલઃ** બદલામાં અમેરિકા ઈરાન પર લાદેલા આર્થિક પ્રતિબંધો ધીમે-ધીમે હટાવશે અને વિશ્વભરમાં જપ્ત કરાયેલી ઈરાનની અબજો ડોલરની સંપત્તિ મુક્ત કરશે.

**તપાસ અને નિરીક્ષણઃ** ઈરાને અણુશસ્ત્રો ન બનાવવાના વચન સાથે સંયુક્ત રાષ્ટ્ર (UN) ના નિરીક્ષકોને તપાસ માટેની મંજૂરી આપવી પડશે.

## શહબાઝ શરીફે 'પ્રોજેક્ટ ફ્રીડમ' રોકવા બદલ ડોનાલ્ડ ટ્રમ્પનો આભાર માન્યો

ઈસ્લામાબાદ, તા. 6 (PTI): પાકિસ્તાનના વડા પ્રધાન શહબાઝ શરીફે બુધવારે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનો હોર્મુઝની સામુદ્રધુનીમાં ઓપરેશન રોકવાની જાહેરાત કરવા બદલ આભાર માન્યો હતો.

તેમનું આ નિવેદન રાષ્ટ્રપતિ ટ્રમ્પ દ્વારા હોર્મુઝની સામુદ્રધુનીમાં જહાજોને સુરક્ષા પૂરી પાડવાના અભિયાન 'પ્રોજેક્ટ ફ્રીડમ' ને સ્થગિત કર્યાના કલાકો બાદ આવ્યું છે. ટ્રમ્પે દાવો કર્યો હતો કે યુદ્ધના અંત માટે ઈરાન સાથેની વાટાઘાટોમાં પ્રગતિ થઈ રહી છે. પીએમ શહબાઝ, જે બંને દેશો વચ્ચે કાયમી શાંતિ માટે પ્રયાસો કરી રહ્યા છે, તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, "હોર્મુઝની સામુદ્રધુનીમાં 'પ્રોજેક્ટ ફ્રીડમ'ને રોકવા અંગેની સમયસરની જાહેરાત અને સાહસિક નેતૃત્વ માટે હું રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનો આભારી છું." શહબાઝે કહ્યું કે, પાકિસ્તાન અને અન્ય મિત્ર દેશો, ખાસ કરીને સાઉદી અરેબિયા દ્વારા કરવામાં આવેલી વિનંતી પર રાષ્ટ્રપતિ ટ્રમ્પનો આ સકારાત્મક પ્રતિસાદ આ સંવેદનશીલ સમયગાળા દરમિયાન પ્રાદેશિક શાંતિ, સ્થિરતા અને સમાધાનને આગળ વધારવામાં ઘણો મદદરૂપ થશે. શહબાઝે એમ પણ જણાવ્યું હતું કે પાકિસ્તાન સંયમ જાળવવા અને સંવાદ તથા મુત્સદ્દીગીરી દ્વારા સંઘર્ષોના શાંતિપૂર્ણ ઉકેલને પ્રોત્સાહન આપવાના તમામ પ્રયાસોને સમર્થન આપવા માટે મક્કમ છે." શહબાઝે આશા વ્યક્ત કરી હતી કે, "વર્તમાન ગતિશીલતા એક એવા સ્થાયી કરાર તરફ દોરી જશે જે પ્રદેશ અને તે સિવાયના વિસ્તારો માટે ટકાઉ શાંતિ અને સ્થિરતા સુરક્ષિત કરશે." ઈસ્લામાબાદમાં 6ઠ્ઠી ઇન્ટરનેશનલ પૈગામ-એ-ઈસ્લામ કોન્ફરન્સને સંબોધિત કરતી વખતે વડા પ્રધાન શહબાઝે આશા વ્યક્ત કરી હતી કે, અમેરિકા અને ઈરાન વચ્ચેની વાતચીત કાયમી શાંતિ તરફ દોરી જશે.

## હોર્મુઝ નહીં ખોલો તો ભયાનક બોમ્બમારો શરૂ થશેઃ ટ્રમ્પની ઈરાનને ધમકી

**વોશિંગ્ટન.** અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે ઈરાનને ચેતવણી આપી છે કે જો તે હોર્મુઝની સામુદ્રધુની (સ્ટ્રેટ ઓફ હોર્મુઝ) ફરીથી નહીં ખોલે તો તેના પર વધુ બોમ્બમારો કરવામાં આવશે. આ ધમકી એવા સમયે આવી છે જ્યારે અહેવાલો સૂચવે છે કે બંને પક્ષો યુદ્ધનો અંત લાવવા માટે કરારની નજીક પહોંચી રહ્યા છે. મીડિયા અહેવાલ અનુસાર, અમેરિકા અને ઈરાન યુદ્ધ વિરામ અને પરમાણુ મંત્રણા માટેના માળખાને સ્થાપિત કરવા માટે એક સમજૂતી પત્ર (એમઓયુ) તૈયાર કરવાની ખૂબ જ નજીક છે. અમેરિકા

...અનુસંધાન પાના 11 પર



કેનેડાના ન્યૂફાઉન્ડલેન્ડમાં 'આઈસબર્ગ એલી' તરીકે ઓળખાતા દરિયાકાંઠે સીઝનની પ્રથમ વિશાળ હિમશિલા (આઈસબર્ગ) તરતા જોવા મળી છે. 4 અને 5 મે, 2026 ના રોજ પાઉચ કોવ, બે ડી વર્ડે અને ક્યુપિડ્સ જેવા વિસ્તારોમાં આ વિશાળ હિમશિલા હાર્બર અને રહેણાંક મકાનોની એકદમ નજીક સુધી પહોંચી ગઈ હતી. આ અદભૂત નજારો જોવા માટે મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી પડ્યા હતા. કુદરતની આ અજાયબીને નિહાળવા લોકો બ્રેકવોટર અને દરિયા કિનારે એકઠા થયા હતા. દર વર્ષે વસંતઋતુના અંતમાં અને ઉનાળાની શરૂઆતમાં આ વિસ્તાર પ્રવાસીઓ અને ફોટોગ્રાફર્સ માટે સ્વર્ગ સમાન બની જાય છે. 'આઇસબર્ગ એલી' એ આટલાન્ટિક મહાસાગરનો એવો વિસ્તાર છે જ્યાં હિમશીલાઓ કિનારાની ખૂબ જ નજીકથી પસાર થતી જોઈ શકાય છે. આ કુદરતી ઘટના માત્ર સુંદર જ નથી, પરંતુ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી પર્યાવરણમાં થતા ફેરફારોને સમજવા માટે પણ મહત્વની છે.




### પશ્ચિમ બંગાળમાં ભાજપની અનોખી વ્યૂહરચના

પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના નેતાઓ જે પ્રકારે પ્રચાર કરી રહ્યા છે, તેને માત્ર આશાવાદી વિચાર કે વ્યૂહાત્મક ચાલ ગણવી પૂરતું નથી. જેને કરો યા મરોની લડાઈ કહેવામાં આવી રહી છે, તેમાં ભાજપના નેતાઓએ એ વાત ફેલાવી દીધી હતી કે, કોંગ્રેસ આ ચૂંટણીમાં સારું પ્રદર્શન કરી રહી છે. ઉદાહરણ તરીકે, કોલકાતાની એક ફાઇવ-સ્ટાર હોટલની લોબીમાં ભાજપ, કોંગ્રેસ અને તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)ના વરિષ્ઠ નેતાઓ વચ્ચે થયેલી વાતચીતને લો. જ્યારે તેઓ પોતપોતાની પાર્ટીઓની જીતની શક્યતાઓ વિશે ચર્ચા કરી રહ્યા હતા ત્યારે ભાજપના નેતાએ દાવો કર્યો કે કોંગ્રેસ સારી એવી બેઠકો મેળવશે અને જાહેર કર્યું કે કોંગ્રેસ ૧૬ બેઠકો પર જીતી રહી છે. તૃણમૂલ કોંગ્રેસના નેતાએ આ વાતની મજાક ઉડાવતાં કહ્યું કે કોંગ્રેસ ભાગ્યે જ બેથી વધુ બેઠકો મેળવી શકશે. કારણ કે, વર્તમાન વિધાનસભામાં કોંગ્રેસ પાસે એક પણ બેઠક નથી અને રાજ્યમાં તેની હાજરી નહિવત છે, તેથી કોંગ્રેસના નેતાએ પોતે પણ તૃણમૂલના નેતાના અંદાજ સાથે

...અનુસંધાન પાના 11 પર

તા. ૦૬-૦૫-૨૦૨૬નું વડોદરા શહેરનું

### હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૪૦.૬° સે. | ૨૮.૬° સે. | ૨૮% |

# પશ્ચિમ બંગાળમાં ભાજપ શાસનનો સૂર્યોદયઃ 9મીએ બ્રિગેડ ગ્રાઉન્ડ પર ભવ્ય શપથ ગ્રહણ

**એ** દિવસે જ રવીન્દ્રનાથ ટાગોરની જન્મજયંતિ પણ છે

**પીએમ** મોદી અને અમિત શાહ સહિતના કેન્દ્રીય મંત્રીઓ આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનશે

**8** મેના રોજ ધારાસભ્યોની બેઠકમાં નવા મુખ્યમંત્રી અંગે નિર્ણય લેવાશે

કોલકાતા, તા. 6 (પીટીઆઈ): પશ્ચિમ બંગાળના રાજકીય ઈતિહાસમાં એક યુગનો અંત લાવીને ભારતીય જનતા પાર્ટી પ્રથમવાર સત્તાના સૂત્રો સંભાળવા જઈ રહી છે. બંગાળમાં પ્રથમ ભાજપ સરકારનો શપથ ગ્રહણ સમારોહ 9 મે, 2026ના રોજ કોલકાતાના ઐતિહાસિક બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાશે.

રાજ્ય ભાજપ પ્રમુખ સમિક ભટ્ટાચાર્યએ બુધવારે આ જાહેરાત કરી હતી. તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) ના 15 વર્ષના શાસનને તોડીને કેસરી છાવણી હવે સત્તાવાર રીતે કાર્યભાર સંભાળવાની તૈયારી કરી રહી છે.

સવારે 10 વાગ્યે શરૂ થનારા આ ભવ્ય સમારોહમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, ભાજપ અધ્યક્ષ નિતિન નબીન અને અનેક કેન્દ્રીય મંત્રીઓ હાજરી આપે તેવી પ્રબળ શક્યતા છે. આ ઉપરાંત ભાજપ અને એનડીએ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ પણ હાજર રહેશે.

ખાસ વાત એ છે કે, આ શપથ ગ્રહણ બંગાળી કેલેન્ડર મુજબ 25મા વૈશાખે યોજાશે, જે દિવસે સમગ્ર રાજ્યમાં રવીન્દ્રનાથ ટાગોરની જન્મજયંતિ એટલે કે 'રવીન્દ્ર જયંતિ' ઉજવવામાં આવે છે. આ તારીખની પસંદગી પાછળ ઊંડું સાંસ્કૃતિક પ્રતીકવાદ છુપાયેલું છે.

દરમિયાન ભાજપના સુવેન્દુ અધિકારીએ મમતા બેનર્જીને તેમના ગઢ ગણાતા ભવાનીપુરમાં 15,000થી વધુ મતોથી હરાવ્યા હતા, સાથે જ નંદીગ્રામ બેઠક પર પણ વિજય મેળવ્યો હતો. તેમણે નંદીગ્રામમાં હનુમાનજીની મૂર્તિની પૂજા કરી અને સત્તા મેળવવાના સંઘર્ષમાં જીવ ગુમાવનારા ભાજપના કાર્યકરોને શ્રદ્ધાંજલિ આપી હતી.

રાજકીય નિષ્ણાતોના મતે, આ દિવસની પસંદગી ભાજપના ઐતિહાસિક ઉદયને બંગાળની સાંસ્કૃતિક ઓળખ સાથે જોડવાનો એક વ્યૂહાત્મક પ્રયાસ છે. આ પગલા દ્વારા ભાજપ ટીએમસીના તે પ્રચારનો

...અનુસંધાન પાના 11 પર

# મમતા બેનર્જી ચૂંટણી પરિણામોને સુપ્રીમ કોર્ટમાં પડકારશે

**ટીએમસીએ** મમતાના રાજીનામા ન આપવાના નિર્ણયને લોકશાહીમાં વિરોધની એક રીત ગણાવી

**મમતાએ** કેન્દ્ર સરકારને બંગાળમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાનો પડકાર ફેંક્યો



કોલકાતા, તા. 6 (પીટીઆઈ): પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં પરાજય બાદ મમતા બેનર્જીએ આક્રમક વલણ અપનાવ્યું છે. ભાજપની પ્રચંડ જીત છતાં તેમણે મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપવાનો ઇનકાર કર્યો છે, જેને તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)એ 'સાંકેતિક વિરોધ' ગણાવ્યો છે અને પક્ષના નેતાઓએ સંકેત આપ્યા હતા કે લાંબી રાજકીય અને કાયદાકીય લડાઈ લડવામાં આવશે.

કાલીઘાટ ખાતે આવેલા તેમના નિવાસસ્થાને નવનિર્વાચિત ધારાસભ્યો સાથેની બેઠકમાં મમતાએ આક્ષેપ કર્યો હતો કે ભાજપે ચૂંટણી 'લૂંટી' છે અને લગભગ 100 બેઠકો પર ગણતરી દરમિયાન ગેરરીતિ આચરવામાં આવી છે.

ટીએમસીના પ્રવક્તા કુનાલ ઘોષે જણાવ્યું કે રાજીનામું ન આપવું એ લોકશાહીમાં વિરોધની એક ભાષા છે. મમતા બેનર્જીએ આ લડાઈને સુપ્રીમ કોર્ટમાં લઈ જવાની જાહેરાત કરી છે. તેમણે જણાવ્યું કે તેઓ અને પૂર્વ મંત્રી ચંદ્રિમા ભટ્ટાચાર્ય આ જનાદેશને કોર્ટમાં પડકારવા માટે ફરીથી વકીલાત શરૂ કરશે.

...અનુસંધાન પાના 11 પર

# તમિલનાડુમાં વિજયનો સરકાર રચવા દાવોઃ 112 ધારાસભ્યોનું સમર્થન

**વિજયે** 112 ધારાસભ્યોની યાદી સોંપી, રાજ્યપાલે 118 ધારાસભ્યો સાથે પરત આવવા કહ્યું

**ચૂંટણીમાં** સતત હાર બાદ એઆઈએડીએમકેના વરિષ્ઠ નેતાઓ વિજયને બહારથી ટેકો આપવાની તરફેણ કરી રહ્યા છે

**કોંગ્રેસે** વિજયને ટેકો આપવાની જાહેરાત કરી પરંતુ કોમી શક્તિઓને ગઠબંધનથી દૂર રાખવાની શરત મૂકી



ચેન્નાઈ, તા. 6: તમિલનાડુના રાજકારણમાં છેલ્લા બે દિવસથી ચાલી રહેલી અનિશ્ચિતતાનો અંત લાવતા, અભિનેતા અને રાજનેતા વિજયે બુધવારે રાજ્યપાલ રાજેન્દ્ર આર્લેકર સાથે મુલાકાત કરી સરકાર રચવાનો દાવો રજૂ કર્યો હતો.

વિજયની નવરચિત પાર્ટી 'તમિલગા વેટ્ટ્રી કઝગમ' (ટીવીકે) એ તાજેતરની વિધાનસભા ચૂંટણીમાં ડીએમકે અને એઆઈએડીએમકે જેવા દ્રવિડિયન દિગ્ગજોને હચમચાવી નાખી 108 બેઠકો સાથે સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવી છે. કોંગ્રેસે ટીવીકેને સમર્થન આપવાની જાહેરાત

...અનુસંધાન પાના 11 પર

# વંદે માતરમ્ ગીતને રાષ્ટ્રગાન જેવો દરજ્જો

**સરકારી** કાર્યક્રમો અને શાળાઓમાં આ ગીત વગાડવા અંગેની સત્તાવાર માર્ગદર્શિકા જાહેર કરાઈ

**જન** ગણ મન પહેલાં વંદે માતરમ્ ગાવામાં આવશે

**આ ગીતનું** અપમાન કરવા બદલ કે તેના ગાયનમાં અવરોધ ઊભો કરવા બદલ સજા કે દંડની જોગવાઈ કરાશે

નવી દિલ્હી, તા. 6: કેન્દ્ર સરકાર દ્વારા વંદે માતરમ્ ગીતને રાષ્ટ્રગાન 'જન ગણ મન' સમાન દરજ્જો આપવાનો ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના વિજય બાદ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટની પ્રથમ બેઠકમાં આ મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો હતો.

આ બેઠકમાં રાષ્ટ્રીય ગૌરવ અપમાન નિવારણ અધિનિયમમાં સુધારો કરવાના પ્રસ્તાવને પણ મંજૂરી આપવામાં આવી છે. હાલમાં રાષ્ટ્રીય ધ્વજ, બંધારણ અને રાષ્ટ્રગાન (જન ગણ મન) ના અપમાન પર જ જેલ કે દંડની જોગવાઈ છે.

કાયદામાં સુધારા બાદ બંકિમચંદ્ર ચેટર્જી દ્વારા રચિત વંદે માતરમ્ પર પણ તે જ નિયમો અને નિયંત્રણો લાગુ થશે જે અત્યારે રાષ્ટ્રીય ધ્વજ, બંધારણ અને રાષ્ટ્રગાન પર લાગુ છે. રાષ્ટ્રગીતનું અપમાન કરવા બદલ કે તેના ગાયનમાં અવરોધ ઊભો કરવા બદલ 3 વર્ષ સુધીની જેલની સજા કે દંડ અથવા બંનેની જોગવાઈ કરવામાં આવશે.

વંદે માતરમ્ ગીતને વર્ષ 1875માં લખવામાં આવ્યું હતું અને તેના 150 વર્ષ પૂર્ણ થવાના અવસરે સરકાર આ કાયદાકીય ફેરફારો કરી રહી છે. આ માટે કાયદાની કલમ 3 માં સુધારો કરવામાં આવશે, જે મુજબ જો કોઈ વ્યક્તિ જાણીજોઈને ગાયનમાં અડચણ ઉભી કરે તો તેને 3 વર્ષ સુધીની જેલ થઈ શકે છે. કેન્દ્ર સરકારે આ માટે સત્તાવાર પ્રોટોકોલ પણ જાહેર કર્યો છે, જે મુજબ વંદે માતરમ્ ગીતનું સંપૂર્ણ વર્ઝન 6 શ્લોકનું રહેશે જેનો સમયગાળો

કેન્દ્ર સરકારના નવા નિર્દેશ મુજબ હવે સરકારી કાર્યક્રમો અને શાળાઓમાં તે વગાડવું અને તે સમયે દરેક વ્યક્તિએ સન્માનમાં ઊભા રહેવું ફરજિયાત છે.

કાયદામાં સુધારો અને સજાની જોગવાઈ

રાષ્ટ્રીય ગૌરવ અપમાન નિવારણ અધિનિયમમાં સુધારો કરીને વંદે માતરમ્‌ને તેમાં સામેલ કરવામાં આવ્યું છેઃ

નવો નિયમઃ જે રીતે રાષ્ટ્રધ્વજ, બંધારણ કે રાષ્ટ્રગાનનું અપમાન ગુનો ગણાય છે, તે જ રીતે હવે વંદે માતરમ્‌નું અપમાન પણ ગુનો ગણાશે.

સજાઃ જો કોઈ વ્યક્તિ જાણીજોઈને ગીતના ગાયનમાં અડચણ ઊભી કરે અથવા તેનું અપમાન કરે, તો તેને 3 વર્ષ સુધીની જેલ અથવા દંડ અથવા બંનેની સજા થઈ શકે છે.

ગીત માટેનો નવો પ્રોટોકોલ અને

...અનુસંધાન પાના 11 પર